Re-Accredited by NAAC with 'A' Grade
VEER NARMAD SOUTH GUJARAT UNIVERSITY
University Campus, Udhna-Magdalla Road, SURAT - 395 007, Gujarat, India.
વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી
યુનિવર્સિટી કેમ્પસ, ઉધના-મગદલ્લા રોડ, સુરત - ૩૯૫ ૦૦૭, ગુજરાત, ભારત.
Tel : +91 - 261 - 2227141 to 2227146, Toll Free : 1800 2333 011, Fax : +91 - 261 - 2227312
E-mail : info@vnsgu.ac.in, Website : www.vnsgu.ac.in

## –: એકેડેમિક કાઉન્સિલ :–
## –: કાર્યસૂચિ –૪ :–

**તા.૨૫–૦૨–૨૦૨૨**
**વાર:શુક્રવાર** **સમય : બપોરે ૧૨:૪૫ કલાકે**

૧૦૭.
**શારિરિક ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓને રાઈટર રાખવા બાબતે વિચારણા કરવા બાબત.**

**ઉપરોક્ત વિષય અંગે જણાવવાનું કે, શારિરિક ખોડખાંપણ ધરાવતા વિદ્યાર્થીઓએ રાઈટર રાખવા અંગે દરેક સેમેસ્ટરની પરીક્ષા આપતી વખતે વારંવાર યુનિવર્સિટી પાસે મંજૂરી લેવી પડે છે. જેથી વિદ્યાર્થીઓને મુશ્કેલી ઉભી થાય છે. તેમજ ચાલુ પરીક્ષાએ અનિવાર્ય સંજોગોમાં રાઈટર બદલવાની જરૂર પડે તો પણ મુશ્કેલી થાય છે. તો આવા વિદ્યાર્થીઓને રાઈટર રાખવામાં સરળતા થાય તે અંગે જરૂરી માર્ગદર્શન આપવા અંગે સાદર.**

(પરીક્ષા વિભાગ/સાયન્સ)

૧૦૮. હાલમાં ચાલી રહેલ ફેબ્રુઆરી–૨૦૨૨ દરમ્યાન લેવાય રહેલ વિવિધ ફેકલ્ટીઓની પરીક્ષાઓમાં જે વિદ્યાર્થીઓ ટેકનીકલ ક્ષતીને કારણે અથવા જે વિદ્યાર્થીઓ ગેરહાજર રહયા છે એવા વિદ્યાર્થીઓની પુરક પરીક્ષાનુ આયોજન કરવાનુ થાય છે.

સદર પરીક્ષાઓનુ આયોજન માર્ચ/એપ્રિલ–૨૦૨૨ દરમ્યાન રેગ્યુલર પરીક્ષાઓ સાથે લેવાનુ રાખીયે. સદર બાબતને એકેડેમીક કાઉન્સિલમાં રજુ કરવા જણાવેલ છે. જે અંગે યોગ્ય વિચારણા કરવા બાબત..

(પરીક્ષા વિભાગ/સાયન્સ)

૧૦૯. એમ.એસસી. માઈક્રોબાયોલોજી સેમેસ્ટર–૩ MB-3004 Pharmaceutical microbiology ના પેપરમાં ઈમેજ વાળા પ્રશ્નમાં ઈમેજ ના દેખાવા બાબતે ઘણા બધા વિદ્યાર્થીઓની અરજીઓ મેઈલ દ્વારા આવેલ છે જેમાંથી બે–ત્રણ અરજીઓ પર આ કાર્યાલયની તા.૧૯–૦૨–૨૦૨૨ની કાર્યાલય નોંધ પર મા.કુલપતિશ્રીએ આપેલ આદેશાનુસાર સંબધિત એજન્સીનો ખુલાસો પૂછાવીએ જે બાબતે એજન્સીને મોકવેલ ખુલાસાનો મેઈલ આ સાથે સામેલ છે

નોંધઃ– સદરહું મેઈલમાં જણાવ્યાં મુજબ " This email is in reference to the case of MSS code 2103080603040002, which had missing images in the four questions i.e. Question No. 1, 4, 28, and 30. Option in Question 1 were missing images. The question content of Questions 4, 28, and 30 were missing one image each.

During the session, the query was raised at 11:51 am and we immediately began troubleshooting. We started fixing questions at 12:08 and all questions were fixed by around 12:23, keeping the university informed at each step. The exam was extended by 40 minutes for students who did not submit their exam. Additionally, we have checked all other papers to ensure this does not occur again."

જે અંગે વિચારણા કરવા બાબત.

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ )

૧૧૦. Chhatra Yuva Sangharsh Samiti- Surat (CYSS) તા.૨૧–૨–૨૦૨૨ નો પત્ર પર વિચારણા કરવા બાબત.

નોંધઃ–સદર પત્ર મુજબ તા.૧૪ અને ૧૮ ફેબ્રુઆરી ના રોજ માઇક્રોબાયોલોજી અને બાયોટેકનોલોજી ની પરીક્ષા જે યુનિવર્સિટી દ્વારા લેવામાં આવી હતી. જેના Provisional Results મા વિદ્યાર્થીઓના માર્ક એક બીજા સાથે ભેગા થયા હોય અથવા સર્વર ની ખામી ના કારણે માર્કમા ભુલ હોય તેવુ લાગી રહ્યુ છે.જેથી યુનિવર્સિટી દ્વારા બંન્ને પેપર અને Answer આપવામાં આવે તો હોશીયાર વિદ્યાર્થીઓને પરીક્ષામાં કોઈ અન્યાય ના થાય, આ પહેલા પણ એક વાર રજુઆત કરવા છતા કોઈ નિર્ણય લેવામાં આવ્યો નથી. આ વખતે આપશ્રી આ બાબતે વહેલી તકે નિર્ણય લેશો,

(પરીક્ષા વિભાગ/એ બ્રાન્ચ )

૧૧૧. **અધ્યક્ષશ્રીની મંજૂરીથી રજૂ થાય તે બાબત.**

**ક્રમાંક : એસ./એ.કા./કા.સૂ./૩૨૨૧/૨૦૨૨**
**તા. ૨૫/૦૨/૨૦૨૨**

ઈ.ચા.કુલસચિવ

**પ્રતિ,**
**એકેડેમિક કાઉન્સિલના સર્વે સભ્યશ્રીઓ....**